સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આવડત-જ્ઞાન વિના પરીક્ષા લેતા ફરે છે,
જ્યાંથી જેટલું મળે તે કટકી ખાતા ફરે છે,
નેતાઓ ફરે છે કૌભાંડો-હપ્તાની આસપાસ
પકડ નથી, પરીક્ષા-તારીખ દેતાં ડરે છે...

હાઈકુ

ફૂટે પેપર -
બેકાર પરીક્ષાર્થી -
ફૂટે કપાળ !!
(ગરીબ ઉમેદવારો)

મોલ કોઈનો -
પરિશ્રમ કોઈનો -
'તીડ' ને ટકા...
(ટેકાના ભાવમાં)

ચિંતન

પ્રાણદપિ પ્રત્યયો રક્ષિતવ્ય:

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

પ્રાણથીયે વધુ રક્ષા વિશ્વાસની કરવી જોઈએ.

ભલે ગમે તેટલું સંકટ ભોગવવું પડે તો પણ દેશ સાથે વિશ્વાસઘાત - દેશદ્રોહના કરવો જોઈએ. રાષ્ટ્ર માટે ભલે આપણો પ્રાણ હોમાય, પણ રાષ્ટ્ર પ્રત્યેના વિશ્વાસને અકબંધ જાળવી રાખવો જોઈએ.

જે વ્યક્તિ દેશભક્ત રાષ્ટ્રપ્રેમી અને દેશ સેવક છે તે કદી જ દેશદ્રોહ કે જનતા સાથે વિશ્વાસઘાત કરતો નથી પરંતુ ટૂંકા લાભ કે કટ્ટરતાના લોભે માનવી પોતાની ફરજ-કર્તવ્ય ચૂકે છે.

સુવિચાર

- જિંદગી તો સસ્તી છે, બસ ગુજારને કે તરીકે મહંગે હૈ... - **કેદાર ભટ્ટાચાર્ય**
- જેની પાસે વિશાળ રાજય છે તે સાચો રાજા નથી,
  પણ જેણે પોતાની પ્રજા સુધી રાજા જેવી સુવિધાઓ પહોંચાડી છે તે જ સાચો રાજા છે - **ડોનાલ્ડ વોશ**
- શિસ્ત વિનાનું જીવન જીવતા વ્યક્તિના મૃત્યુની નોંધ કોઈ લેતું નથી - **આઈસલેન્ડની કહેવત**
- દરેક વ્યક્તિની પસંદગી કરવી આપણા વશમાં નથી,
  પણ દરેક વ્યક્તિ પ્રત્યે દયાભાવ રાખવો આપણા હાથની વાત છે - **સેમ્યુઅલ જહોન્સન**
- ક્રિયાઓમાં જ્ઞાન હોતું નથી, ને જ્ઞાનમાં ક્રિયા હોતી નથી - **આપ્તસૂત્ર**
- જયાં કાયદો છે ત્યાં ધર્મ છે, પણ આત્મજ્ઞાન નથી - **ઓશો**
- આજનું ઔષધ : બે ગ્રામ સિંધવ મીઠું એક ગ્લાસ પાણીમાં ઉકાળી અડધું રહે તે પાણી સવાર-સાંજ પીવાથી ખાંસીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ન્યાયપ્રિય અને પ્રજા વત્સલ રાજા હતા. તેમને થોડા વખતથી એવું થતું કે પોતાના રાજકાજથી સંતોષ ન હતો. મનમાં સતત ઓછપ અનુભવતા હતા. આ કારણથી તેમની ઊંઘ પણ ઓછી થતી હતી. આ સમસ્યા ઉકેલવા તેમને રાજયગુરુને બોલાવ્યા. રાજયગુરુ રાજાની મુંઝવણ સમજી ગયા. તેમને કહ્યું, 'રાજન, જો તમે મારી ત્રણ વાતો યાદ રાખશો તો જિંદગીમાં કયારેક નિષ્ફળ અને હતાશ નહીં થાવ.' રાજાએ રાજયગુરુની વાત અમલમાં મૂકવાની તૈયારી બતાવી. રાજયગુરુએ કહ્યું, 'પહેલી વાત, રાત્રે મજબૂત કિલ્લામાં રહેવું, બીજી વાત, સ્વાદિષ્ટ ભોજન ગ્રહણ કરવું અને ત્રીજી કે સદાય મુલાયમ પથારી પર સૂવું.' આવી અજીત વાત સાંભળી રાજા બોલ્યા, 'ગુરુદેવ, આવી વાતો જો હું અપનાવીશ તો મારી અંદર વિચારવાયુ અને બીજા દૂષણો ઔર વધી જશે.' રાજયગુરુએ સ્પષ્ટતા કરતા કહ્યું, 'પહેલી વાત - સદાય પોતાના ગુરુ સાથે રહીને ચરિત્રવાન રહેવું, કયારેક ખરાબ આદતની ટેવ ન પાડવી. બીજી વાત કયારેય પેટ ભરીને જમવું નહી, જે પણ મળે તે પ્રેમપૂર્વક જમવું. ખૂબ સ્વાદિષ્ઠ લાગશે. અને ત્રીજી વાત, ઓછામાં ઓછું સૂવું. વધુમાં વધુ સમય જાગીને પ્રજાના પ્રશ્નો પર ધ્યાન આપવું. રક્ષા કરવી. જયારે ઊંઘ આવે ત્યારે રાજસી પથારીનું ધ્યાન છોડીને ઘાસ,પત્થર ગમે ત્યાં સૂઈ જવું. એવામાં તમને લાગશે કે મુલાયમ, પથારી પર છો. જો તમે શાસકની જગ્યાએ ત્યાગી બનશો તો જ અભિમાન, મોહ, અસંતોતથી દૂર રહેશો.' રાજાને રાજયગુરુની વાત સમજાઈ ગઈ.

કોંગ્રેસ લડાયક મોડ પર

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવાનું મોદી-શાહનું સપનું રોળાઈ ગયું છે. સાવ સુષુપ્તાવસ્થામાં સરી ગયેલી રાષ્ટ્રીય પાર્ટી ફરી એક વાર ફિનિક્સ પંખની જેમ એની રાખમાંથી બેઠી થઈ રહી છે. કોંગ્રેસના એક વખતના સિનિયરમોસ્ટ નેતા પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ પદ ભોગવ્યા પછી પણ પોતાની મૂળ પાર્ટીને અનુરુપ વિધાનો કરવા લાગ્યા છે. એમને વર્તમાન કેન્દ્ર સરકારને તમામ વર્ગોને સાથે રાખવાની, સાંપ્રદાયિક વલણ નહીં દાખવવાની સલાહ આપી છે. આ દેશ કોઈ એક ધર્મ-સંપ્રદાયને અનુસરતા લોકોની જાગીર નથી. અહીં દુનિયાભરમાંથી વિવિધ પ્રકારના લોકો સતત આવતા રહ્યા છે, અહીં વસી જઈને એમને પોતાની મૂળ સંસ્કૃતિનું પણ પરિપાલન કે સંવર્ધન કર્યું છે જેને આ ભૂમિએ પ્રેમપૂર્વક સ્વીકારી લીધું છે. એથી સ્તો 'ગંગાજમની તહેજીબ' જેવા શબ્દોથી આપણી ઓળખ ઉજાગર થતી રહી છે. છેલ્લે આ સરકારે ઉતાવળમાં પસાર કરી દીધેલ નાગરિકતા સંશોધન બિલ સંદર્ભે જામીન પર છૂટેલા પૂર્વ ગૃહમંત્રી પી. ચિદંમ્બરે તિરુઅનંતપુરમમાં કાઢેલો બળાપો પણ આ જ મુદ્દો આગળ ધપાવે છે. એમને ગૃહપ્રધાને ચર્ચા માટે રાહુલ ગાંધીને આપેલ પડકારનો જવાબ આપતાં કહ્યું છે કે ભાજપના નેતાઓ સદંતર જુઠ્ઠાણાં ચલાવે છે. સંસદગૃહમાં કોઈ પણ ચર્ચા કર્યા વગર કે કોઈ પ્રશ્નનો જવાબ આપ્યા વિના જ ઉપરોક્ત ખરડાને કાનૂન બનાવી દેવાયો છે. જેમાં એક ધર્મવિશેષના લોકોને અલગ તારવી દેવામાં આવેલ છે. રાહુલ ગાંધીએ લાંબા વિરામ પછી પાછી એ જ જૂની અને જાણીતી સ્ટાઈલમાં આક્રમક રૂખ અપનાવ્યું છે. ઝારખંડમાં ઝામુમો સાથે ગઠબંધન રચીને ભાજપને માત આપવામાં સફળ થયેલ કોંગ્રેસ ફરી એક વાર રાષ્ટ્રીય સ્તરે પુનરાગમનની પૂર્વ તૈયારીમાં પડી ગઈ છે. રાહુલ ગાંધી લોકસભાની ચૂંટણીમાં પોતાની પરંપરાગત બેઠક પરથી હારી ગયા હતા પરંતુ સમયસૂચકતા વાપરીને એમણે કેરલની વાયનાડ બેઠક પરથી પણ ઉમેદવારી નોંધાવી હતી એટલે સાંસદ તરીકે તેઓ ચાલુ રહી શક્યા છે. રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ધરાર રાજીનામું ધરી દીધાં છતાં વૈકલ્પિક નેતૃત્વના મુદ્દે કોંગ્રેસમાં નર્યો શૂન્યાવકાશ પ્રવર્તે છે. સોનિયા ગાંધીને જ કાર્યકારી અધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવવી પડી છે. પરંતુ હવે ફરી પાછા કોંગ્રેસીઓ રાહુલ ગાંધીને જ એ પદ સંભાળી લેવા વીનવી રહ્યા છે. છત્તીસગઢમાં આદિવાસી લોકમેળામાં મન મૂકીને ગળે ઢોલ બાંધી નાચતા રાહુલ ગાંધી કે લખનૌમાં દેખાવો દરમિયાન જેની ધરપકડ થયેલી તે નિવૃત્ત આઈપીએસ અધિકારીને મળવા દોડી જતાં અધવચ્ચે અટકાવાયેલો અને પછી પોલીસ સાથે બાખડી કોઈની બાઈક પર સવાર થઈ આગળ વધતાં પ્રિયંકા ગાંધી નહેરુ-ગાંધી પરિવાર જ કોંગ્રેસનું રાષ્ટ્રીય નેતૃત્વ સંભાળી શકે એની પ્રતીતિ કરાવે છે. ૨૮મી ડિસેમ્બર, ૧૮૮૫માં સ્થપાયેલ ઈંડિયન નેશનલ કોંગ્રેસને અનેક પડકારો વચ્ચે દેશના પ્રમુખ રાષ્ટ્રીય પરિબળ તરીકે પ્રસ્થાપિત કરવા નહેરુ-ગાંધી પરિવારના વારસદારો અને પી. ચિંદમ્બર જેવા નીવડેલા નેતા મેદાને પડ્યા છે. જો આ લડાયક જુસ્સો અકબંધ રહેશે તો પૂરી શક્યતા છે કે એમાં મમતા બેનરજી જેવા પૂર્વ કોંગ્રેસી નેતા સહિત યુપીએનાં અન્ય સમર્થક પરિબળો સક્રિય થઈ ભાજપની વિજયયાત્રાને અધવચ્ચે જ રોકવામાં સફળતા મેળવી શકે. આખરે કોઈ પાર્ટી લોકશાહીમાં યાવચ્ચંદ્ર દિવાકરૌ રોજ ન જ કરી શકે.

મહિલાઓને સમાન દરજ્જા સમાન મહિલા અનામત બીલ

બંધારણની કલમ ૧૫માં ભેદભાવ વિહિનતા મુજબ ધર્મ, જાતિ, લીંગ કે જન્મસ્થાનને લગતા ભેદભાવ રાજય દર્શાવી શકે નહિ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતીય લોકશાહિમાં ૧૯૫૦ થી સંવિધાનના ઘડવૈયાઓએ મહિલા અને પુરૂષને સમાન હક્ક અને સાર્વત્રિક મતાધિકા આપ્યો હોવા છતાય આજની તારીખે લોકસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર ૧૪ ટકા જ છે. જ અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધારે છે. ૫૪૨ સાંસદમાંથી ૭૮ મહિલા સાંસદ છે. સ્થાનિક પક્ષોએ મહિલાઓને ૩૩ ટકા થી ૪૧ ટકા સુધી ટીકીટો આપી હતી જે ચલણ અખત્યાર કરવામાં બે મોટા રાજકિય પક્ષોએ પાછીપાની કરેલ.

ભારતની મહિલાઓ દેશના ઘડતરમાં મહત્વનો ભાગ નહિ ભજવે ત્યાં સુધી દેશ પછાત જ રહેશે.ભારતીય સમાજ પિતૃસત્તાક વિચારસરણી ધરાવતો દેશ છે. ભાતીય રાજનિતીમાં મહિલાઓએ આઝાદિ કાળથી સક્રિય ભૂમીકા નિભાવી છે. સરોજીની નાયડુથી લઈ વિજયાલક્ષ્મી પંડિત તથા ઈન્દીરા ગાંધીનો સક્રિય રોલ હતો. ૧૯૫૨ ની લોકસભામાં ફક્ત ૪ ટકા મહિલાઓ હતી જે ૨૦૧૯ માં ૧૪ ટકા સુધી પહોંચી છે. ભારતની વસ્તીની સંખ્યામાં સ્ત્રીઓ ૪૮ ટકા છે. રાજયસભામાં ફક્ત ૯ ટકા જ યોગદાન મહિલાઓનુંછે. દરેક રાજકિય પક્ષો મહિલા સશક્તિકરણની સ્વતંત્રતાની વાતો કરે છે પરંતુ અનુકરણ કરતા અચકાય છે. ૨૦૧૯ માં મહિલાઓએ ૬૬.૬૮ ટકા મતદાન કર્યુ છે. પુરૂષ મતદાન ૬૬.૭૯ ટકાની સમકક્ષ જ હતં દેશને પ્રથમ પ્રધાનમંત્ર, સ્પીકર, અધ્યક્ષ તરીકે સ્ત્રીને તક આપવામાં કોંગ્રેસનો મહત્વનો ફાળો છે. મહિલા અનામત બીલ રજુ કરવાનો શ્રેય પણ કોંગ્રેસના ફાળે જાય છે. ૨૦૦૮ માં પ્રથમ વખત મહિલા અનામત બીલ લાવવામાં આવેલ તે પહેલા ૧૯૯૬, ૧૯૯૯ તથા ૨૦૦૨ માં પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો જેમાં નિષ્ફળતા મળેલ. કોંગ્રેસે મહિલા અનામત ના સમર્થનમાં ખુલ્લો ટેકો આપેલ છે. જો બહુમતીના જોરે કલમ ૩૭૦, ત્રીપલ તલાક, સમાન નાગરિક ધારા જેવા મહત્વના સંવેદનશીલ બીલો પસાર કરવામાં સાશક પક્ષને સફળતા મળી હોય તો મહિલા અનામત બીલમાં શા માટે પાછળ ધકેલાય છે. સાશક પક્ષને મળેલા પ્રચંડ જનાદેશમાં ૪૮ ટકા મહિલાઓનો પણ હિસ્સો છે.

ભારત કરતા આફ્રિકા દેશો મહિલા અનામત મુદ્દે ઘણા આગળ છે. એશીયાના દેશોમાં પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ પણ આ બાબતમાં ભારતથી આગળ છે. મહિલાઓનો રાજકિય અને આર્થીક ક્ષેત્રે ભાગીદારી દ્વારા વિકસીત પ્રગતિશીલ તથા સારા સમાજનું નિર્માણ શકય છે. ભારતના પંચાયતી રાજના ૧૯૯૩ ના બંધારણના ૭૩ અને ૭૪ માં સુધારા મુજબ નગરપાલીકા અને પંચાયતોમાં ૧/૩ ભાગની બેઠકો મહિલા અનામત રાખવાની જોગવાઈઓ છે. ભારતના બંધારણમાં પણ મહિલા અનામતે પ્રાધાન્ય આપેલુંછે. પરંતુ આ બીલને કાયદો બનાવવાની પ્રક્રિયામાં સશકત રીતે હકારાત્મકતાની જ શાસક પક્ષને જરૂર છે. ભારતના બંધારણમાં મહિલા સમાનતાનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ વાસ્તવિકતામાં ઉતારવમાં ઊણપ છે. આરક્ષણની નીતિએ સશક્તિકરણની ભાવના ઉત્પન્ન કરવા અને નીતિથી લાભ મેળવનારા જુથની તરફેણમાં સંશોધનોના પુનઃ વિતરણ માટે પુરતુ પ્રતિનિધિત્વ આપવાની ઈચ્છા શક્તિનો અભાવ જોવા મળેછે. ભારતની મહિલાઓને લઘુતમ ૩૩ ટકા તથા મહત્વમ ૫૦ ટકા અનામતની બંધાણની જોગવાઈ છે જે સાશક કે વિપક્ષો નિભાવવામાં નિષ્ફળ પુરવાર થયા છે.

ભારતના લેબર ઉદ્યોગમાં મહિલાની ભાગીદારી ૨૫ ટકાથી ઓછી છે જો ૧૦ ટકાનો વધારો થાય તો પણ ભારતની જીડીપીમાં ઘણો મોટો વધારો થઈ શકે છે. આર્થીક સશક્તિકરણથી વિપરીત સમાજનં નિર્માણ ત્યારે જ શકય બને જયારે મહિલા સશક્તિકરણને બરોબર સમાન ભાવે ન્યાય આપવામાં આવે. સમાન તકો આપવામાં આવે.

કઠીન ગણાતા કાયદાઓને સંસદમાં પસાર કરવામાં જો સાશક પક્ષને સફળતા મળતી હોય તો મહિલા અનામત બીલ ૧૯૯૬ થી લોકસભામાં અટવાતું રહ્યું છે. જેમાં નિર્ણય શક્તિ અને ઈચ્છા શક્તિનો અભાવ જ જવાબદાર છે. માત્ર ન્યાઈક ક્ષેત્રમાં જ મહિલાઓની તરફેણમાં સશકત કાયદાઓ પુરૂષ વિરૂધ્ધમાં બનાવવાથી સામાજીક સમરસતા, સમાનતા ઉત્પન્ન થતી નથી. ઉલટાનું એકપક્ષીયક કાયદાથી સમાજ વિભાજીત થતો રહ્યો છે. લગ્ન વિચ્છેદ વધતા રહ્યા છે તથા લગ્ન સંસ્થા ઉપરથી પુરૂષોનો વિશ્વાસ ઉઠતા ઉલટાનું મહિલાઓનું શોષણ વધ્યું છે લીવ ઈન ની પ્રથા આ ન્યાઈક અન્યાયના કારે ઉભી થઈ છે. જે વર્ણશંકર વ્યવસ્થા ભારતની સંસ્કૃતિની વિરૂધ્ધ છે. સમાન હક્ક સમાન ફરજ માટે સમાન કાયદા હોવા પણ આવશ્યક છે. માત્ર ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, દહેજ પ્રતિબંધીત ધારો કે શારિરીક, માનસીક શોષણ અટકાવવા મહિલા તરફે બનતા કાયદાનો મહિલાઓ ઢાલની જગ્યાએ હથીયાર તરીકે ઉપયોગ કરતી થતા સામાજીક અસલામતી પેદા થઈ છે.

સામાજીક પરિવર્તન માટે ભારતમાં કાયદાકીય જોગવાઈઓ કરીને સ્ત્રીને શકત તેટલો પુરૂષ સમોવડીયો દરજજો આપવામાં આવ્યો છે. માત્ર કાયદા કરવાથી સ્ત્રીને ન્યાય મળવાનોનથી. આપણું ન્યાયતંત્ર અને કાયદો ન્યાય આપતા સમયે મહિલાને એક નાગરિક

અનુસંધાન પાના નં ૭ પર

એક ડગ હો અડગ સાહિત્ય તરફ, બસ પૂરતું છે...

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

એક ડગ હો અડગ સાહિત્ય તરફ,
બસ પૂરતું છે,
સ્વપ્ન ભલે હો ધૂંધળું, પહેલું ડગલું,
બસ પૂરતું છે!

- કમલેશ શુક્લ

આજના આ ઈન્ટરનેટ અને વોટ્સએપના સમયમાં આપણે ખરેખર સાચા સાહિત્યની, સાચા સાહિત્ય ઉપાસકની અને એક સારા અને સાચા વાચનવીરની જરૂર છે. વધુમાં વધુ સાંભળનાર વર્ગ જ આખેઆખો ગાયબ છે ત્યારે ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા જેવા લોકોની તાતી જરૂર વર્તાઈ રહી છે. શું તમે જાણો છો કે કોણ આ ઉકાભાઈ ? આવો જાણીએ આ ખરા વાચનવીરને :

'બાપા, તમને આમાં મઝો નહીં આવે, આ તો સાહિત્યકારોનો મેળાવડો છે. મોરારિ બાપુનું ધામ છે ઈ સાચું, પણ બાતુ કથા નથી કરવાના. માટે ઈ વરાહેં (સમજણથી) આવ્યા હો તો પાછા વળી જાઓ.' સ્વયંસેવક બોલ્યો.

મહુવામાં નદીકિનારે મોરારિબાપુના કૈલાસ ગુરુકુળમાં ગુજરાતભરના સાહિત્યકારોનો ત્રણ દિવસનો મેળો હતો તે સાહિત્યરસિકો માટે જ હતો. એમાં મેલખાઉ લાંબી ચાળનું પહેરણ ને કાઠિયાવાડી ચોરણી ઠઠાવીને આવેલા, ખીચડિયા વાળ અને ધોળી મૂછવાળા ગામડિયા કણબીનું કામ નહીં.

પણ આવનાર ગામડિયા જણે જવાબ વાળ્યો : 'અરે, મારા વાલા, સાહિત્ય માટે જ આવ્યો છું. નકર આંયા કોની પાંહે ટાઈમ છે ? મારે તો મા સરસ્વતીના છોરું પાંહેથી બે વેણ સાંભળવાં છે.'

જૂનાગઢ જિલ્લાના ઉના ગામને અડીને આવેલા અને માત્ર પાંચસો માથાંની વસતિવાળા આંબાવડ ગામના છપ્પન વરસના, માંડ બે ચોપડી ભણેલા ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા માટે જાકારાનો અનુભવ પહેલો નથી. ૨૯ વરસ પહેલાં સ્વાધ્યાય પરિવાર દ્વારા જૂનાગઢમાં પાંડુરંગ શાસ્ત્રીની હાજરીમાં સ્નાતક સંમેલન ભરાયેલું. એ વખતે સાહિત્યપ્રેમી ભગવતસિંહ મોરીની સાથે ઉકાભાઈ ગયા, ત્યારે પ્રવેશદ્વાર પાસે ઊભેલા સ્વયંસેવકે કહ્યું, : આ તો ગ્રેજ્યુએટ એટલે કેટલી ચોપડી ભણવી પડે, ભાઈ ?

સ્વયંસેવકે જવાબ આપ્યો : 'ટોટલ પંદર ચોપડી.' એના અનુસંધાનમાં ઉકાભાઈ બોલે એ પહેલાં ભગવતસિંહજી બોલી ઊઠ્યા હતા : 'દોસ્ત, આમણે પંદર નહીં, પંદરસો ચોપડી પંડ્યે વાંચી છે. આ તો આપણો સાચો ગ્રેજ્યુએટ છે.' ભગવતસિંહ મોરી ભલે અટખે પંદરસો ચોપડી બોલ્યા હોય, પણ ઘરનાં કબાટોમાં કમ કે કમ પાંચ હજાર પુસ્તક હશે. અને આ પુસ્તકોય પાછાં કોઈ સામાન્ય કોટીના નહીં, લોકસાહિત્યના આદિગ્રંથ 'પ્રવીણ સાગર', 'ભૃગુસંહાતિ'થી માંડીને ગુજરાતી સાહિત્યની કલાસિક ગણાય તેવી નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લલિત નિબંધસંગ્રહો અને એવાં જ ઉત્કૃષ્ટ તેવાં સાહિત્યનાં પુસ્તકો છે. આવાં પુસ્તકોનું સતત વાંચન-સેવન આ ખેતીવાડીમાં રચ્યાપચ્યા ઉકાભાઈ કરે છે.

માના પેટમાં હતા ત્યાં જ પિતા ગુમાવી બેઠેલા ઉકાભાઈ કાકા મોહનભાઈના આશરે મોટા થયા. આવા શ્રમજીવી પરિવારના ખોરડામાં ચોપડીના નામે પસ્તી પણ ન હોય. પણ પિતા નિશાળમાં હતા ભણતા એ વખતની એક ગુજરાતી ચોપડી 'એડોલ્ફ હિટલર' ઉકાભાઈને હાથે ચડી ગઈ. તે વાંચી નાખી. મજા પડી. પછી તો જ્યાંથી જે પુસ્તક હાથ આવે તે વાંચવા માંડ્યા. પ્રેમાળ કાકાને ખબર પડી એટલે એ જયારે ઉના કે જૂનાગઢ હટાણે જાય ત્યારે નાની નાની બાળકથાઓની ચોપડીઓ ઝોળીમાં નાખતા આવે. એમાં બાળક ઉકાને વાંચનનું વ્યસન પડી ગયું. રાતે બા પુરાણની, 'રામાયણ'ની, 'મહાભારત'ની નાની-મોટી વાર્તા કરે.

ત્રણ ચોપડી ભણીને ખેતીના કામમાં જોતરાવાનો વારો આવ્યા પછી નવરાશ મળતી બંધ થઈ. એટલે ઉકાભાઈ ખેતરે કામે જાય ત્યારે ફાળિયામાં એકાદી ચોપડી સંતાડીને લઈ જાય. મિનિટ-બે મિનિટનો સમય મળે ત્યાં વાંચવા બેસી જાય. રાતે ઘેર આવે ત્યાં વાળુ કરીને પરસાળથી થાંભલીને ફાનસ ટીંગાણી વાંચવા બેસી જાય. તે ઠેઠ ઝોલાં આવવા માંડ ત્યાં લગી વાંચતા રહે. વય વધવાની સાથોસાથ ઉકાભાઈના વાચનની રેન્જ વધી. પહેલાં 'જગમગ', 'બાલસંદેશ', 'રમકડું' જેવા મેગેઝીન વાંચતા, પછી 'કુમાર', 'અખંડ આનંદ' વાંચતા થયા. એ પછી પુસ્તકો ખરીદતા થયા. પૈસાની છત નહીં, પણ જેમ લૂંગડા માટે પૈસા ગમે ત્યાંથી કાઢવા પડે તેમ ચોપડાં માટેય કાઢવા જોઈએ તેમ માનતા ઉકાભાઈ ગમે ત્યાંથી વેંત કરીને પુસ્તકો વસાવવા માંડ્યા અને વાંચવા માંડ્યા. અરે, ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય થઈ ગયા. 'શબ્દસૃષ્ટિ' અને 'પરબ' જેવાં માસિક ભારે રસથી આ ખેડુ વાંચવા માંડ્યા. લેખકો સાથે પત્રવ્યવહાર કરતો થયો.

Last Seen :

રોજેરોજ નવું લખનારા આજે પસ્તીની માફક વેચાઈ રહ્યાં છે ત્યારે ઉમાશંકર જોષી કહે છે તેવા અમર રચયિતાની આપણને ખોજ છે :

કેટલાક કવિઓ એકાદ કાવ્ય-રત્નથી પ્રજાહૃદયમાં સ્થાન પામે છે. આપણા જમાનામાં હરિહર ભટ્ટ, જેઓ ખગોળવિષયક સંશોધનમાં મશગૂલ રહ્યા, તે 'એક જ દે ચિનગારી' એ ભક્તિગીતથી જાણીતા છે. જૂના ભક્તકવિઓમાંથી પ્રીતમનું 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને' એ એક ગીત જ એમને આપણા ઉત્તમ ભક્તકવિઓની હરોળમાં મૂકવા માટે બસ છે. 'ઉપનિષદ' અને 'ગીતા'નો ચાર દસકાથી ઊંડો અભ્યાસ કરતા ઓક્સફર્ડના સ્પેનિશ વિદ્વાન હ્વાન મસ્કરોને મન પ્રીતમનું આ ભજન દુનિયામાં ભક્તિકાવ્યોમાંનું એક અણમોલ રત્ન છે. પ્રેમળદાસનું 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે' એ એક જ ભજન જાણીતું છે, પણ જીભે રમી રહે, હૃદયમાં ગુંજ્યા કરે એવું છે.

- nehalgadhavi101@gmail.com

નવાબીનગરી પાલણપુરમાં ભાષા- સાહિત્ય અને સંસ્કૃતિનું સહચિંતન

પાલણપુર કે પાલનપુરના નામે દુનિયાભરમાં મશહૂર નવાબી નગરી કે ફૂલોની નગરી કે પછી હીરાવાળાઓની નગરીમાં હમણાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ત્રિદિવસીય જ્ઞાનસત્ર રંગેચંગે યોજાઈ ગયું. સાહિત્ય પરિષદના એક જમાનાના ''કિંગ મેકર'' અને પોતાને ''ગોવાળ'' ગણાવવાનું પસંદ કરનાર





જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી ભાષાના ગૌરવવંતા સર્જક ડૉ. રઘુવીર ચૌધરીના સાંનિધ્યમાં વર્તમાન ઉત્સાહી પ્રમુખ અને વિશ્વખ્યાત સર્જક પ્રા.સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાના અધ્યક્ષપદે અને પાલનપુરી જૈન-હીરાવાળાઓ દ્વારા સિંચિત નગરની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થા વિદ્યામંદિરના સૂત્રધાર અને ક્યારેક આ નગરના નગરપતિ રહેલા શિરીષ મોદીના યજમાનપદે ૨૬થી ૨૮ ડિસેમ્બર વચ્ચે આ જ્ઞાનસત્ર યોજાયું. આ મેળાવડામાં આકર્ષણ જમાવ્યું નાગાલેંડની મશહૂર કવયિત્રી અને ત્યાંની કૉલેજનાં સામાજિક નિસબતવાળાં અંગ્રેજીનાં અધ્યાપિકા પ્રા.થેયિએસિનુઓ કેડિત્સુના નાગ સંસ્કૃતિ અંગે હૃદયમાંથી અસ્ખલિત અંગ્રેજીમાં વહેતી પ્રભાવક વાતે. પ્રજાને સાહિત્ય અને સર્જકતા સાથે જોડવાની નેમ સાથે આગળ વધી રહેલા સિતાંશુભાઈ અને એમના સાથીઓએ આદરેલા પ્રયાસોને બિરદાવવાની સાથે જ ક્યાંક આ દિશામાં ઝાઝી સફળતા મળતી નથી એ વાત ગૂંજે બાંધવાની સાથે પ્રત્યેક ગુજરાતી માટે શરમની અનુભૂતિ કરવા સમાન બાબત તો એ છે જ. આવા મેળાવડા થવા જોઈએ, પણ મરાઠી, બંગાળી કે આસામી પ્રજાની વાંચન ભૂખમાંથી થોડી ઘણી પ્રેરણા ના લેવાય તો આ દ્વિવાર્ષિક સમારંભો માત્ર વિધિવિધાન બની રહેશે.યજમાન વ્યવસ્થા કરે એટલે નિષ્ણાતભાવે જે મત વ્યક્ત કરે એને મૂંગે મોઢે સ્વીકારી લેવાની દરબારી વૃત્તિમાંથી બહાર આવવાની ચોખવટ સિતાંશુભાઈએ અકાદમીની સ્વાયત્તતા સંદર્ભે કરી ખરી, પણ અન્ય બાબતોમાં જાણે-અજાણે અમુક વાતો છૂટી ગઈ. નવાઈ તો એ વાતની લાગી કે રઘુવીર જેવા મહારથી મંચસ્થ હોવા છતાં યજમાને પોતાના સંબોધનમાં એમનો નામોલ્લેખ કરવાનું ટાળ્યું. વયોવૃદ્ધ સર્જકને એ અંગે વાંધો ના હોય પણ જેમ શિરીષભાઈ પાલનપુરના સ્થાપકની અને અલભ્ય સોનચંપાની તેમજ ગાંધીજી પછીના ક્રમે વિપુલ સાહિત્ય સર્જનમાં પાલનપુરી ચંદ્રકાંત બક્ષીને મૂકી રહ્યા હતા ત્યારે એમણે પાલનપુરી જૈનોને હીરાવાળા બનાવવાનો ઉપકાર કરનારા નવાબ શેરમહંમદખાનજી અને પોતાના રજવાડાને ૧૯૪૮માં ભારતમાં જોડાનારા નવાબ તાલેમહંમદખાનજીનો ઉલ્લેખ

- **''ગોવાળ'' રઘુવીર ચૌધરીના સાંનિધ્યમાં પરિષદ પ્રમુખ સિતાંશુ થકી ગુજરાતી ભાષાની ચિંતા**
- **અર્બુદામંડળના કુલદીપક પ્રહલાદન દેવનું સ્મરણ પણ નવાબ તાલેમહંમદખાનનું વિસ્મરણ**
- **મહામંત્રી પ્રફુલ્લ રાવલ અને મંત્રીઓની સક્રિયતા છતાં ગુજરાતી પ્રજા સાથે કનેક્ટનો અભાવ**
- **યજમાન શિરીષ મોદીએ સાહિત્ય પરિષદ-અકાદમી વચ્ચેના સ્વાયત્તતા-કલહનું ઉંબાડિયું કર્યું**

કેમ ટાળ્યો એ પ્રશ્ન થવો સ્વાભાવિક હતો. હા, કપિલ ઠાકરના ''અતુલ્ય વારસા''માં ડૉ.દીપક પટેલના પાલનપુર અંગેના અભ્યાસલેખની સાથે શિરીષ મોદીના લેખમાં અને યુ-ટ્યૂબ પરની મુલાકાતોમાં એમણે નવાબના ઉપકરની વિગતે વાત કરી જરૂર છે. પાલનપુરના રતન એવા મુસાફિર પાલનપુરીએ ''લોકલોકની સર્જકતા''માં પ્રહલાદન દેવ પરમારે વસાવેલા આ નગરથી લઈને ૧૦ જૂન ૧૯૪૮ના રોજ પાલનપુર નવાબી રાજ્યનું ભારત સંઘમાં વિલીનીકરણ કર્યાની વાત સુંદર રીતે નોંધી છેઃ ''સરદાર વલ્લભભાઈ પટેલની અખંડ ભારતની અહાલેક સાંભળી પ્રખર રાષ્ટ્રપેમી નવાબ સાહેબ હિઝ હાઈનેસ તાલેમહંમદખઆનજીએ હોંશેહોંશે પોતાનું રાજ્ય દેશને ચરણે ધરી પાલનપુરની પ્રજાનું મસ્તક રાષ્ટ્રપ્રેમમાં હંમેશ માટે ઉન્નત કરી દીધું.''

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

સ્વાયત્તતા અંગે સ્પષ્ટવક્તા સિતાંશુ

પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રે વૈદ્યરાજના બે શિષ્યોની વાર્તા કહીને તેના થકી કેટલાંક સરકારી તત્વોને આમલીના ઝાડ સાથે સરખાવી પરિષદનો ઝઘડો અકાદમી સામે નહી પણ સરકાર સામે હોવાનું બેધડક કહ્યું હતું. ''સરકારને આપણે ચૂંટીને લાવી છે. તેઓ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ છે. તેમની સામે જાગૃત થવાની જરૂર છે. જો જાગૃત નહી થઈએ તો એકલડા થઈ જઈશું.'' તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આનંદની ઉજાણી, પરિષદ આપને આંગણે સહિતના ઉપક્રમોની અંગે જાણકારી આપી હતી. સાથે સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે ગુજરાતી ભાષાની દુર્દશા થઈ રહી છે. સવારે છાપાં ઉઘાડો ત્યારે ગુજરાતી ભાષાની લોહીની નદીઓ વહેતી જોવા મળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ માતૃભાષાને જીવાડવા માટે કામ કરી રહી છે. સ્વાગત પ્રવચન કરતાં વિદ્યામંદિર ટ્રસ્ટના કનુભાઈ પ્રજાપતિએ વિદ્યામંદિર ટ્રસ્ટની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે ઊંડાણપૂર્વક ચિતાર આપ્યો હતો. વિદ્યામંદિર ટ્રસ્ટના શિરીષ મોદીએ કહ્યું હતું કે ગાંધીજી પછી ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ લખનાર પાલનપુરના ચંદ્રકાંત બક્ષી હતા. અકાદમી-પરિષદના વિવાદનો નિવેડો આવવો જોઈએ એવી લાગણી પણ એમણે વ્યક્ત કરી હતી. પાલનપુરની આગવી ઓળખ આપતાં જણાવ્યું હતું કે, પાલનપુર શહેર ફૂલોની નગરી તરીકે ઓળખાતું હતું. એક સમયે દિલખુશાલ બાગમાં ૨૪ જાતિનાં ગુલાબ ઊગતાં હતાં. અલભ્ય સોનચંપાની સુવાસ આવતી હતી. પાલનપુરના ચંદ્રકાંત બક્ષી, શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી સહિત અનેકાનેક કવિઓ, શાયરો અને લેખકોએ સાહિત્યને જીવિત રાખ્યું છે. જોકે પાલનપુરી સર્જકોમાં બકુલ બક્ષી પણ વિસરાયા. પરિષદના મહામંત્રી પ્રફુલ્લભાઈ રાવલે જણાવ્યું હતું કે, અત્યારે અંગ્રેજી ભાષાએ આક્રમણ કર્યું છે, જે દેખાતું નથી. સાંપ્રત સમયમાં ગુજરાતી ભાષાને ટકાવવાની જવાબદારી સાહિત્યકારોની છે. માધવ રામાનુજે આભાર વિધિ કરી હતી.

પાલનપુરની ધરતીનાં રત્નો

ગુજરાતી સાહિત્ય પરિષદ અને યજમાન સંસ્થા તરફથી અમારા જેવાં નોંધાયેલાં આજીવન સભ્યોને (એટલેકે ૧૦૦૦ રૂપિયા શુલ્ક ચૂકવનારને) જે સાહિત્ય પૂરું પડ્યું એમાં ડૉ.સત્યવતીબહેન ઝવેરીની પ્રેરણાથી મુસાફિર પાલનપુરીએ સંપાદિત કરેલા ''પાલનપુરની ધરતીનાં કવિરત્નો''ની ખાસ નોંધ લેવી પડે. સાથે જ ''અતુલ્ય વારસો''નો પાલનપુર વિશેષાંક પણ. પાલનપુરની નવાબી સંસ્કૃતિ પર નોખા ગિલેટ ચડાવી એને ઝાંખપ આપવાના પ્રયાસો નવાં નામ આપીને થઈ રહ્યાનું જરા કઠે એ સ્વાભાવિક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘણીવાર ભારતની ''ગંગા જમુની તહેજીબ''નો ઉલ્લેખ કરે છે ત્યારે પાલનપુરના ભવ્ય હિંદુ-મુસ્લિમ-જૈન વારસાનું જતન થાય એ અનિવાર્ય હોવાનું સ્થાનિકોને સૂઝે એ જરૂરી ખરું. એને બદલે યજમાન પાલનપુરના નવાબનું નામ પણ લેવાનું ટાળે ત્યારે એમનો ઈતિહાસ ભૂંસાવાનો નથી,ભલે એને વિકૃત કર્યાનો હરખ અમુક વર્ગ કરી શકે.પાલનપુરની ભવ્યતાનાં અનેક પાસાં અંગે હજુ વધુને વધુ સંશોધનો થાય એવી અપેક્ષા કરીએ અને ૭૬ વર્ષીય મુસાફિર પાલનપુરીની કૃતિને મમણાવીએઃ

પ્રેમની એક અસલ ચિનગારી
એ જ છે મીરાં ! એ જ મુરારી
ફૂલ બની જીવો તો સાચા
જીવન છે ધગધગતી ક્યારી
હાય! પ્રથમ નજરોનું મળવું
યાદ હજુ છે એ ફ્રુજારી!
લંબાવીને હાથ શું કરશો

અનુસંધાન પાના નં ૭ પર